રમતા ભમતા તારા બાલુડા જો આઘેરા
નિકળી જાય
તોતો જનની સામી જાય એની ખબરુ
લેવાને ખોડલી – “ દાદ “




# પ્રાચીન રાસ

# ગરબા

## ખોડીયાર ગરબાવલી

## ભાગ ૨

Nbpatel 9725334923

| | |
|---|---|
| 1 | અલી ઓ કે ગરબો |
| 2 | એક વણઝારી ઝૂલણાં ઝૂલતી'તી |
| 3 | ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો |
| 4 | ચડી તોફાને નાવડી અમારી |
| 5 | ચોટીલાના ડુંગરે ચામુંડા |
| 6 | છલકાતું આવે બેડલું ! |
| 7 | દુધે તે ભરી તલાવડી |
| 8 | ઘોર અંધારી રે |
| 9 | હે માં તારુ ધ્યાના ધરીને |
| 10 | હો માત રે નવરાત્રીની રાત્રે |
| 11 | કેસરિયો રંગ |
| 12 | માનો ગરબો રે , રમે રાજને દરબાર |
| 13 | માતાના મઢળે શોહાય |
| 14 | મારે મહિસાગરને આરે |
| 15 | નદી કિનારે નાળિયેરી રે |
| 16 | પંખીડા ઓ પંખીડા ....... |
| 17 | રંગતાળી રંગતાળી |
| 18 | રંગ લાગ્યો ચૂંદડી એ |
| 19 | સાથીયા પુરાવો દ્વારે |
| 20 | શોભે છે શણગાર |
| 21 | વાલો લાગે માને વાલો લાગે |
| 22 | **મોર બની થનગાટ કરે** |
| 23 | **કસુંબીનો રંગ** |
| 24 | |
| 25 | |

N.B. PATEL

# અલી ઓ કે ગરબો

અલી ઓ કે  ગરબો ઘૂમે છે
મારી અંબાને દરબાર ગરબો ઘૂમે છે
ચાલો જોવાને જઇએ આજ ગરબો ઘૂમે છે
માની ચૂંદડી લાલ ગુલાલ ગરબો ઘૂમે છે
માની ઓઢણીમાં નવરંગી ભાત ગરબો ઘૂમે છે
માની તે પાળે માળીળો આવે
માળીળો આવે રૂડા હાર ગુંથી લાવે
અલી ઓ હારલો શોભે છે
માની તે પાળે મણીયારો આવે
મણીયારો આવે રૂડો ચુડલો લાવે
અલી ઓ ચુડલો શોભે છે

N.B. PATEL

# એક વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી

એક વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી
મારી અંબેમાના ઝૂલણાં ઝૂલતી’તી
માએ પહેલે પગથીયે પગ મૂક્યો
માની પાની સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી
માએ બીજે પગથીયે પગ મૂક્યો
માના ધૂંટણ સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી
માએ ત્રીજે પગથીયે પગ મૂક્યો
માના ઢીંચણ સમાણા નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી
માએ ચોથે પગથીયે પગ મૂક્યો
માના સાથળ સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી
માએ પાંચમે પગથીયે પગ મૂક્યો
માની કેડ સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી
માએ છઠ્ઠે પગથીયે પગ મૂક્યો
માની છાતી સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી
માએ સાતમે પગથીયે પગ મૂક્યો
માના ગળાં સમાણાં નીર મોરી મા
વણઝારી ઝૂલણાં ઝૂલતી’તી

N.B.PATEL

# ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો...

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો
શ્રીફળની જોડ લઈએ રે....
હાલો હાલો પાવાગઢ જઈએ રે...

માને મંદિરીયે સુથારી આવે,
સુથારી આવે માના બાજોઠ લઈ આવે,
બાજોઠની જોડ લઈને રે... હાલો....

માને મંદિરીયે કસુંબી આવે,
કસુંબી આવે માની ચૂંદડી લઈ આવે,
ચૂંદડીની જોડ અમે લઈએ રે..... હાલો...

માને મંદિરીયે સોનીડો આવે,
સોનીડો આવે માના ઝાંઝર લઈ આવે,
ઝાંઝરની જોડ અમે લઈએ રે... હાલો....

માને મંદિરીયે માળીડો આવે,
માળીડો આવે, માના ગજરા લઈ આવે,
ગજરાની જોડ અમે લઈએ રે.... હાલો....

માને મંદિરીયે ઘાંચીડો આવે,
ઘાંચીડો આવે માના દીવડાં લઈ આવે,
દીવડાની જોડ અમે લઈએ રે.... હાલો....

N.B.PATEL

# ચડી તોફાને નાવડી અમારી

ચડી તોફાને નાવડી અમારી અંબાજી મારી વારે આવો
હવે નથી ઉગરવાની બારી  અંબાજી મારી વારે આવો
માત તાત તમે મારા આશરો તમારો
ક્ષમા કરો હે દેવી અપરાધ મારો
તારો બાળક જાણીને બચાવો અંબાજી મારી વારે આવો
મોહ માયા મમતાના મોજા ઉતારો
ક્ષમા કરો હે દેવી અપરાધ મારો
મારે આશરો એક તમારો અંબાજી મારી વારે આવો
કામ ક્રોધ લોભ મોટા દૈત્યને સંહારો
ક્ષમા કરો હે દેવી અપરાધ મારો
હવે નથી ઉગરવાનો આરો અંબાજી મારી વારે આવો
કર જોડીને કહે દાસ તમારો
ક્ષમા કરો હે દેવી અપરાધ મારો
મારી નાવડીને પાર ઉતારો અંબાજી મારી વારે આવો

N.B.PATEL

# ચોટીલાના ડુંગરે ચામુંડા

ચોટીલાના ડુંગરે ચામુંડા આરાસુરના ડુંગરે અંબાજી
પાવાગઢમાં બેઠી કાળી દડવે બેઠી રાંદલમાં મારી ખોડલમાં
હું માના ગીતડા ગાંઉ માના દિલડાને રિઝાવું
માના મનડાને મનાવું વારી વારી શીશ નમાવું .... ચોટીલાના
મને જીવન લાગે ખારું હું તો કરતો તારું મારું
મને છેવટે એ સમજાણું માનું નામ જ પ્યારું .... ચોટીલાના
એવી અરજી ઉરમાં લેજો તારા બાળક તારી લેજો
મા શરણે સુખડા દેજો મને ભવમાં તારી લેજો .... ચોટીલાના
મધ દરીયે ડુબે નૈયા એને તારી લેજો મૈયા
હું પડું તારી પૈયા મારી મામડીયાની મૈયા

N.B. PATEL

# છલકાતું આવે બેડલું

છલકાતું આવે બેડલું !
મલકાતી આવે નાર રે
મારી સાહેલીનું બેડલું –
છલકાતું આવે બેડલું !
મારા ગામના સુતારી રે
વીરા તમને વીનવું,
મારી માંડવડી ઘડી લાવો રે
મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું !
મારા ગામના લુહારી રે
વીરા તમને વીનવું,
મારી માંડવડી મઢી લાવો રે
મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું !
મારા ગામના રંગારી રે
વીરા તમને વીનવું,
મારી માંડવડી રંગી લાવો રે
મારી સાહેલીનું બેડલું -
છલકાતું આવે બેડલું !

N.B.PATEL

# દુધે તે ભરી તલાવડી

હે દુધે તે ભરી તલાવડી ને મોતીડે બાંધી પાળ રે,
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...
હે વાટકી જેવડી વાવલડી ને મંઈ ખોબલો પાણી માંઈ રે,
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...
ગરબો માથે કોરિયો માએ ઝબક દીવડો થાય મારી માડી,
ગરબો રૂડો ડોલરીયો એ તો ઘમ્મર ઘમ્મર ઘૂમે મારી માડી,
હે તાળીઓની રમઝટ,
હે તાળીઓની રમઝટ પગ પડે ને ત્યાં ધરણી ધમધમ થાય રે...
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...
હળવે હલું તો કેર ચહી જાય, હાલુ ઉતાવળે તો પગ લચકાય,
સાળુ સંકોરું તો વાયરે ઉડી જાય, ધડકંતો છેડલો સરી સરી જાય...
હે પગને ઠેકે ધૂળની ડમરી ગગનમાં છવાઈ રે...
જીલણ જીલવા ગ્યા'તા, ગરબે ઘૂમવા ગ્યા'તા...
ચ્યમ જઉં ઘર આંગણીયે, આજ ગરબો રંગે ચગ્યો મારા વ્હાલા...
થઈ જાઉં હું તો ઘેલી ઘેલી હૈયા હિલોળાં ખાય મારા વ્હાલા...

N.B.PATEL

# ઘોર અંધારી રે

ઘોર અંધારી રે રાતલડીમાં નિસર્યા ચાર અસવાર,
પહેલે ઘોડે રે કોણ ચડે મા રાંદલનો અસવાર
લીલે ઘોડે રે કોણ ચડે મા રાંદલનો અસવાર
રાંદલ માવડી રે ઘોડે ચડ્યા માએ સોળ સજ્યા શણગાર
રમજો રમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
સવ્વા મણનું રે સુખલડુ મા અધમણની કુલેર
જમજો જમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
બીજે ઘોડે રે કોણ ચડે મા કાળકાનો અસવાર
કાળે ઘોડે રે કોણ ચડે મા કાળકાનો અસવાર
કાળકા માવડી રે રણે ચડ્યા માએ સોળ સજ્યા શણગાર
રમજો રમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
સવ્વા મણનું રે સુખલડુ મા અધમણની કુલેર
જમજો જમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
ત્રીજે ઘોડે રે કોણ ચડે મા બહુચરનો અસવાર
ધોળે ઘોડે રે કોણ ચડે મા બહુચરનો અસવાર
બહુચર માવડી રે ઘોડે ચડ્યા માએ સોળ સજ્યા શણગાર
રમજો રમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
સવ્વા મણનું રે સુખલડુ મા અધમણની કુલેર
જમજો જમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત
ચોથે ઘોડે રે કોણ ચડે મા અંબાનો અસવાર
રાતે ઘોડે રે કોણ ચડે મા અંબાનો અસવાર
અંબા માવડી રે ઘોડે ચડ્યા માએ સોળ સજ્યા શણગાર
રમજો રમજો રે ગોરણીયું તમે રમજો સારી રાત

N.B.PATEL

# હે માં તારું ધ્યાન ધરીને

હે માં તારું ધ્યાન ધરીને દર્શન કરવા આવ્યો છું
નથી બીજી કોઇ કામના ગરબા ગાવા આવ્યો છું
સુખ સંપતિ કે સાહ્યબી ના માંગુ શાંતિ માંગવા આવ્યો છું
અગર ચંદન ને ગુગળ લઇ જયોતિ જલાવવા આવ્યો છું
શ્રીફળ સાકર પ્રસાદ લઇને ભોગ ધરાવવા આવ્યો છું
ગુણલા ગાઇ માં તમારા આનંદ કરવા આવ્યો છું

N.B. PATEL

# હો માતરે નવરાત્રીની નવલી

હો માતરે નવરાત્રીની નવલી રાતે
મને નિંદરથી જગાળી મને માયા તે લગાડી
હો માતરે સાદ કરીને તમને હું બોલાવું
આવો તો હું હરખાવું તમને ગરબે રમાડું
હો માતરે મને લોકડીયાની લાજુ બહુ આવે
મને સૈયરું સતાવે મને મેણા ખુબ મારે
હો માતરે મને લોકડીયાની લાજુથી બચાવો
મને દર્શન દેવા આવો મારી સંગે રાસ રચાવો
હો માતરે ચાંમુંડાને સાથે તેડી લાવો
તમે માટેલ ધરામાં જાવો માં ખોડલને તેડી લાવો

N.B. PATEL

# કેસરિયો રંગ તને

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા (૨)

ઝીણા ઝીણા જાળિયું મેલાવો ઓલા ગરબે (૨)

કંકુના સાથિયા પુરાવ્યા ઓલા ગરબે (૨)

કોના કોના માથે ઘુમ્યો ઓલો ગરબો (૨)

કીયા કીયા ગામે પધરાવ્યો ઓલો ગરબો (૨)

મા અંબાને માથે ઘુમ્યો ઓલો ગરબો (૨)

આરાસુર ગામે પધરાવ્યો ઓલો ગરબો (૨)

મા કાળીને માથે ઘુમ્યો ઓલો ગરબો (૨)

પાવાગઢ ગામે પધરાવ્યો ઓલો ગરબો (૨)

મા ખોડિયારે માથે ઘુમ્યો ઓલો ગરબો (૨)

માટેલ ગામે પધરાવ્યો ઓલો ગરબો (૨)

મા બહુચરે માથે ઘુમ્યો ઓલો ગરબો (૨)

સંખલપુર ગામે પધરાવ્યો ઓલો ગરબો (૨)

N.B.PATEL

# માનો ગરબો રે રમે રાજ ને દરબાર

માનો ગરબો રે , રમે રાજને દરબાર
રમતો ભમતો રે આવ્યો કુંભારીને દ્વાર
એલી કુંભારીની નાર તું તો સુતી હોય તો જાગ
માને ગરબે રે રૂડા કોડિયાં મેલાવ
માનો ગરબો રે , રમે રાજને દરબાર
રમતો ભમતો રે આવ્યો સોનીડાને દ્વાર
એલી સોનીડાની નાર તું તો સુતી હોય તો જાગ
માને ગરબે રે રૂડા જાળીયા મેલાવ
માનો ગરબો રે , રમે રાજને દરબાર
રમતો ભમતો રે આવ્યો ઘાંચીડાને દ્વાર
એલી ઘાંચીડાની નાર તું તો સુતી હોય તો જાગ
માને ગરબે રે રૂડા દિવેલીયા પુરાવ
માનો ગરબો રે, રમે રાજને દરબાર

N.B.PATEL

# માતાના મઢળે સોહાય

માતાના મઢળે સોહાય મઢવાળી માની ચુંદલડી
ઇ રે ચુંદલડીમાં હિરલા જડીયા
ઇ રે ચુંદલડીમાં આભલા ભરીયા
જુગો જુગોથી પુજાય મઢવાળી માની ચુંદલડી
ઇ રે ચુંદલડીમાં ભક્તિ ને શક્તિ
ઇ રે ચુંદલડીથી આપે માં મુક્તિ
વેદ પુરાણે વંચાય મઢવાળી માની ચુંદલડી
ઇ રે ચુંદલડીમાં માણેક મોતી
ઇ રે ચુંદલડીમાં સુરજ જ્યોતિ
ઝગ મગ ઝગ મગ થાય મઢવાળી માની ચુંદલડી
મોઘાતે મુલની અણમોલ ચુંદડી
આશાપુરા માં એ ઓઢી એ ચુંદડી
વંદે 'સુરબરદાઇ' આશાપુરામાંની ચુંદલડી

# હે મારે મહિસાગરને આરે

હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
વાગે સે, ઢોલ વાગે સે
હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

ગામ ગામનાં સોનીડા આવે સે
એ આવે સે, હુ લાવે સે
મારા માની નથણીયું લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

ગામ ગામનાં સુથારી આવે સે
એ આવે સે, હુ લાવે સે
મારી માનો બાજોઠીયો લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

ગામ ગામનાં દોશીડા આવે સે
એ આવે સે, હુ લાવે સે
મારી માની ચુંદડીયો લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
વાગે સે, ઢોલ વાગે સે
હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે

N.B.PATEL

# નદી કિનારે નાળિયેરી

નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
હો મારે કાળકા માને કાજ રે ભાઈ નાળિયેરી રે
પહેલું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે કાળકા માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
બીજું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે બહુચર માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
ત્રીજું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે અંબા માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
ચોથું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે મેલડી માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
પાચમું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે ખોડીયાર માને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
છઠ્ઠું તે નાળિયેર નવરંગી રે ભાઈ નાળિયેરી રે
હો મારે ચામુંડાને કાજ રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
નદી કિનારે નાળિયેરી રે ભાઈ નાળિયેરી રે
હો મારે કાળકા માને કાજ રે ભાઈ નાળિયેરી રે

N.B.PATEL

પંખીડા તુ ઉડી જાજો પાવાગઢ રે

મહાકાળીને જઇને કહેજે ગરબે ઘૂમે રે
પંખીડા ....... ઓ પંખીડા ...... પંખીડા ....... ઓ પંખીડા
ઓલ્યા ગામના સુથારી વીરા વેલા આવો રે
મારી મહાકાળીને કાજે રૂડા બાજઠ લાવો રે
બાજઠ લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે
ઓલ્યા ગામના કુંભારી વીરા વેલા આવો રે
મારી મહાકાળીને કહેજો રૂડા ગરબા લાવો રે
ગરબો લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે
મારી મહાકાળીને ...........
ઓલ્યા ગામના સોનીડા વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીને કાજે રૂડી નથની લાવો રે
નથની લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે
ઓલ્યા ગામના ગાંધીડા વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીના કાજે રૂડી ચુંદડી લાવો રે
લાલ લાવો, લીલી લાવો, પીળી લાવો રે
મારી મહાકાળી જઇને ............
ઓલ્ય ાગામના માળીડા વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીના કાજે રૂડી માળા લાવો રે
માળા લાવો, ગજરા લાવો, સુંદર લાવો રે

# રંગતાળી રંગતાળી

રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી
મા ગબ્બરના ગોખવાળી રે રંગમાં રંગતાળી
મા ચાચરના ચોકવાળી રે રંગમાં રંગતાળી
મા મોતીઓના હારવાળી રે રંગમાં રંગતાળી
મા ઘીના દીવડાવાળી રે રંગમાં રંગતાળી
મા ચુંવાળના ચોકવાળી રે રંગમાં રંગતાળી
મા અંબે આરાસુરવાળી રે રંગમાં રંગતાળી
મા કાળી તે પાવાવાળી રે રંગમાં રંગતાળી
મા અમદાવાદે ભદ્રકાળી રે રંગમાં રંગતાળી
મા દૈત્યોને મારવાવાળી રે રંગમાં રંગતાળી
મા ભક્તોને મન વહાલી રે રંગમાં રંગતાળી
માએ કનકનો ગરબો લીધો રે રંગમાં રંગતાળી
તેમાં રત્નનો દીવડો કીધો રે રંગમાં રંગતાળી
માંહી બત્રીસ બત્રીસ જાળી રે રંગમાં રંગતાળી
માંહી નાના તે વિધની ભાત રે રંગમાં રંગતાળી
માએ શણગાર સજ્યા સોળે રે રંગમાં રંગતાળી
માને નાકે શોભે સોનાની વાળી રે રંગમાં રંગતાળી
ક્યાંય મળતી નથી જોડ તેની રે રંગમાં રંગતાળી
માની ઓઢણીમાં વિવિધ ભાત્યું રે રંગમાં રંગતાળી
ભટ્ટ વલ્લભને જોયાની ખાંત્યુ રે રંગમાં રંગતાળી
રંગતાળી રંગતાળી રંગતાળી રે રંગમાં રંગતાળી

N.B.PATEL

# રંગ લાગ્યો ચૂંદડી એ

રંગ લાગ્યો ચુંદડીએ રંગ લાગ્યો
હોવે હોવે ચુંદડીએ રંગ લાગ્યો
ધીરે ધીરે ચુંદડીએ રંગ લાગ્યો
માની ઓઢણી લાલ ગુલાલ ચુંદડીએ રંગ લાગ્યો
માની ચુંદડીમાં ફુલડા ચાર ચુંદડીએ રંગ લાગ્યો
મને ગબ્બર ચડવાનો રંગ લાગ્યો
મને મુંખડુ જોવાનો રંગ લાગ્યો
માની ઓઢણીમા આભલા ચાર ચુંદડીએ રંગ લાગ્યો
મને ખોડલ ભજવાનો રંગ લાગ્યો
મને ગરબા ગાવાનો રંગ લાગ્યો
માની ચુંદડીમાં ફુમકા ચાર ચુંદડીએ રંગ લાગ્યો
મને પાયે પડવાનો રંગ લાગ્યો
મને દર્શન કરવાનો રંગ લાગ્યો
માની ઓઢણીમા ધરતી આકાશ ચુંદડીએ રંગ લાગ્યો

N.B.PATEL

# સાથીયા પુરાવો દ્વારે

સાથીયા પુરાવો દ્વારે, દિવાડા પ્રગટાવો રાજ...
આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી..
વાંઝિયાનો મેણો ટાળી રમવા રાજકુમાર દે માં, ખોળાનો ખુંદનાર દે
કુંવારી કન્યાને માડી મનગમતો ભરથાર દે માં, પ્રિતમજીનો પ્યાર દે
નિર્ધનને ધનધાન આપે, રાખે માડી સૌની લાજ
આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી..
કુમકુમ પગલા ભરશે માડી સાતે પેઢી તરશે
આદ્યશક્તિ માં પાવાવાળી પીડા જનમ જનમની હરશે
દૈ દૈ તાળી ગાઓ આજ વાજિંત્રો વગડાવો રાજ
આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી..
સાથીયા પુરાવો દ્વારે, દિવાડા પ્રગટાવો રાજ...
આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી..

N.B. PATEL

# શોભે છે શણગાર

શોભે છે શણગાર કંઠે મોતીડાની માળ
કાને કુંડળ ચાર પગમાં ઝાંઝરનો ઝણકાર
માને શોભે છે ચુંદડી રંગ લાલમાં
ટીલડી તેજ કરે છે એના ભાલમાં
સેંથે પુર્યું સિંદુર કરમાં શોભે છે ત્રિશુલ
નયનો હેતેથી ભરપુર
રાસ લીધો છે ચાચર ચોકમાં
પડઘા પડયા છે ગબ્બર ગોખમાં
ખીલી પુનમની રાત  ઝિણી તારલીયાની ભાત
સખીયો જુવે માની વાટ
માએ સોનાનો ગરબો કોરાવ્યો
માએ હેતેથી શિર પર ધરાવ્યો
ચાલે ચમકતી ચાલ તાલ દઇને દે તાલ
સખીયો જુવે માની વાટ
માને જોવાને દેવો પધાર્યા
પાયે લાગીને કુલડે વધાવ્યા
અંગે આનંદ અપાર શોભા વરણી ન જાય
ભક્તો લાગે માને પાય

N.B.PATEL

# વ્હાલો લાગે

વ્હાલો લાગે માને વ્હાલો લાગે
ચોટીલાનો ડુંગરો વ્હાલો લાગે
ડંમર વાગે માના ડંમર વાગે
ચોટીલાના ડુંગરે ડંમર વાગે
ડાક વાગે માના ડાક વાગે
ચોટીલાના ડુંગરે ડાક વાગે
ભુવા ધુણે માના ભુવા ધુણે
ચોટીલાના ડુંગરે ભુવા ધુણે
ભેળીયો સોહે માને ભેળીયો સોહે
ચાંમુંડ માને ભેળીયો સોહે
મનડા મોહે સૌના મનડા મોહે
ચાંમુંડમા સૌના મનડા મોહે
દુખડા કાપે સૌના દુખડા કાપે
ચાંમુંડમા સૌના દુખડા કાપે
સુખડા આપે સૌને સુખડા આપે
ચાંમુંડમા સૌને સુખડા આપે
ગરબા ગાવે માના ગરબા ગાવે
ભક્ત મંડળ માના ગરબા ગાવે

N.B.PATEL

# મોર બની થનગાટ કરે

બહુ રંગ ઉમંગમાં પીછ પસારીને
બાદલસું નિજ નેનન ધારીને
મેઘમલાર ઉચારીને આકુલ પ્રાણ કોને કલ-સાદ કરે
મોર બની થનગાટ કરે
ઘર ઘરર ઘરર મેઘઘટા ગગને ગગને ગરજાટ ભરે
ગુમરી ગુમરી ગરજાટ ભરે
નવે ધાનભરી મારી સીમ ઝૂલે
નવ દીન કપોતની પાંખ ખૂલે
મધરા મધરા મલકઐને મેંડક મેંહસું નેહસું બાત કરે
ગગને ગગને ગુમરાઇને પાગલ મેઘઘટા ગરજાટ ભરે
મન મોર બની થનગાટ કરે
નવ મેઘ તણે નીલ આંજણિયે મારા ઘેઘૂર નૈન ઝગાટ કરે
મારા લોચનમાં મદઘેન ભરે
મારી આતમ લે'ર બિછાત કરે
સચરાચર શ્યામલ ભાત ધરે
મારો પ્રાણ કરી પુલકાટ ગયો પથરાઇ સારી વનરાઇ પરે
ઓ રે ! મેઘ અષાઢીલો આજ મારે દોય નેન નિલાંજન-ઘેન ભરે
મન મોર બની થનગાટ કરે
ઓલી કોણ કરી લટ મોકળીયુ ખડી આભ-મહોલ અટારી પરે
ઊંચી મેઘ-મહોલ અટારી પરે
અને ચાકમચૂર બે ઉર પરે
પચરંગીન બાદલ-પાલવડે

N.B.PATEL

કરી આડશ કોણ ઉભેલ અરે

ઓલી વીજ કરે અંજવાસ નવેસર રાસ જોવ અંકલાશ ચડે

ઓલી કોણ પયોધર સંઘરતી વીખરેલ લટે ખડી મે'લ પરે

મન મોર બની થનગાટ કરે

નદીતીર કેરા કુણા ઘાસ પરે પનિહાર એ કોણ વિચાર કરે

પટ-કુળ નવે પાણી-ઘાટ પરે

એની સુનમાં મીટ મંડાઇ રહી

એની ગાગર નીર તણાઇ રહી

એને ઘર જવા દરકાર નહી

મુખ માલતીફૂલની કુંપળ ચાવતી કોણ બીજા કેરૂં ધ્યાન ધરે

પનિહાર નવે શણગાર નદી કેરે તીર ગંભીર વિચાર કરે

મન મોર બની થનગાટ કરે

ઓલી કોણ હિંડોળ ચગાવત એકલ ફૂલ બકુકની ડાળ પરે

ચકચૂર બની ફૂલ-ડાળ પરે

વીખરેલ અંબોડાના વાળ ઝૂલે

દિયે દેહ-નીંડોળ ને ડાળ હલે

શિર ઉપર ફૂલ ઝકોળ ઝરે

એની ઘાયલ દેહના છાયલ-છેડલા આભ ઉડી ફરકાટ કરે

ઓલી કોણ ફંગોળ લગાવત એકલ ફૂલ બકુલની ડાળ પરે

મન મોર બની થનગાટ કરે

ઝવેરચંદ મેઘાણી

N.B.PATEL

# લાગ્યો કસુંબીનો રંગ

રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ !
જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ પામ્યો કસુંબીનો રંગ. - રાજ..
બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ ચોળ્યો કસુંબીનો રંગ. - રાજ..
દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પાળે સ્વાધીનતાની કબરોમાં મહેક્યો કસુંબીનો રંગ. - રાજ..
ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ;
વહાલી દિલદારાના પગની મેંદી પરથી ચૂમ્યો કસુંબીનો રંગ - રાજ..
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ ગાયો કસુંબીનો રંગ;
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે પાયો કસુંબીનો રંગ. - રાજ...
પિડિતની આંસુડાધારે - હાહાકારે રેલ્યો કસુંબીનો રંગ;
શહીદોના ધગધગતા નિઃશ્વાસે નિઃશ્વાસે સળગ્યો કસુંબીનો રંગ. - રાજ
ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે મલકાયો કસુંબીનો રંગ. - રાજ...
ઘોળી ઘોળી પ્યાલા ભરિયા : રંગીલા હો ! પીજો કસુંબીનો રંગ;
દોરંગાં દેખીને ડરિયાં : ટેકીલા તમે! હોંશિલા તમે ! રંગીલા તમે લેજો કસુંબીનો રંગ!
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ -
લાગ્યો કસુંબીનો રંગ !

ઝવેરચંદ મેઘાણી

N.B.PATEL